# 21

## રાજ્યમાં મનરેગા લોકાયુક્તની નિમણૂક

***15/4/1331: શ્રી અમિત ચાવડા** (આંકલાવ) **:** ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર (૨૦૨૧)માં સભાગૃહમાં તા.૨૬/૦૩/૨૦૨૧ના રોજ રજૂ થયેલ સોળમી અતારાંકિત યાદીમાં અ.તા પ્રશ્ન ક્રમાંક–૮૭૮૦ના અનુસંધાને **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | મનરેગાની ફરિયાદોના નિકાલ માટે મનરેગા લોકાયુક્તની નિમણૂક રાજ્યના તમામ જિલ્લામાં બાકી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા જિલ્લાઓમાં નિમણૂક કરવામાં આવી, | (૧) | મનરેગાની ફરિયાદોના નિકાલ માટે મનરેગા લોકાયુક્તની નિમણૂક રાજ્યના તમામ જિલ્લામાં બાકી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના કુલ–૨૮ જિલ્લાઓમાં (મોરબી, વડોદરા, અમદાવાદ, પંચમહાલ, નવસારી, દાહોદ, સાબરકાંઠા, રાજકોટ, વલસાડ, મહેસાણા, ખેડા, સુરેન્દ્રનગર, પાટણ, સુરત, બોટાદ, ડાંગ, છોટા ઉદેપુર, અમરેલી, બનાસકાંઠા, તાપી, ભાવનગર, ગાંધીનગર, જામનગર, પોરબંદર, મહીસાગર, અરવલ્લી, ભરૂચ, ગીર સોમનાથ) મનરેગા લોકાયુક્તની નિમણુંક કરવામાં આવી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કયા જિલ્લાઓમાં મનરેગા લોકાયુક્તની નિમણૂક બાકી છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ જુનાગઢ, દેવભૂમિ દ્વારકા, નર્મદા, કચ્છ અને આણંદ જિલ્લાઓમાં મનરેગા લોકાયુક્તની નિમણૂક બાકી છે. |
| (૩) | ઉક્ત નિમણૂક ન થવાના કારણો શા છે, આવી નિમણૂક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે? | (૩) | કુલ – ૦૫ જિલ્લા માટે રાજ્ય પસંદગી સમિતિને યોગ્ય ઉમેદવાર ન મળતાં નિમણુંક થયેલ નથી. યોગ્ય ઉમેદવાર મળ્યેથી નિમણુંક કરવામાં આવશે. |